# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૨–૦૭– ૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરની રજૂઆતને પગલે
## જેટ એરવેઝના અધિકારી સુરત આવશે

સુરતઃ સુરતને અદ્યતન સુવિધા સાથેનું એરપોર્ટ મળે એ માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ જે રીતે પ્રયાસો કર્યા હતા એ રીતે જ સુરતને એર કનેકટીવિટી મળે એને માટે પણ ચેમ્બર સતત પ્રયાસો કરે છે.એ માટે દરેક સ્તરે અને દરેક મંચ ઉપર રજૂઆતો કરે છે.ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી રોહિત મહેતાએ મુંબઈ ખાતે ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરની મેનેજિંગ કમિટીની બેઠકમાં સુરતને એર કનેકટીવિટી મુદદે થઈ રહેલા અન્યાય વિશે જોરદાર રજૂઆત કરી હતી.

ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરની મેનેજિંગ કમિટીમાં કરવામાં આવેલી આ રજૂઆતને પગલે જેટ એરવેઝના એકિઝકયુટિવ ડાયરેકટરશ્રી સરોજ દત્તાએ સુરતની મુલાકાત લેવાનું નકકી કર્યુ છે.તા.૨૯/૦૭/૨૦૧૧ના રોજ શ્રી સરોજ દત્તા સુરત આવી રહયા છે.

સુરતની એરકનેકટીવિટીના મુદદાને  ચેમ્બરે હંમેશા પ્રાથમિકતા આપી છે ત્યારે જેટ એરવેઝના અધિકારીશ્રી સમક્ષ આ વિશે ફરીથી રજૂઆત કરવામાં આવશે એમ ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ જણાવ્યું હતું.વધુમાં આ અગાઉ પણ ચેમ્બર પ્રમુખે તાજેતરમાં દિલ્હીની મુલાકાત સમયે ભાજપના રાષ્ટ્રીય અગ્રણી શ્રી એલ.કે.અડવાણીની વ્યકિતગત મુલાકાત વખતે પણ આ અંગે ચર્ચા કરી હતી.